RBZ®
JEWELLERS LTD.
(Formerly Known as RBZ Jewellers Pvt. Ltd.)

23rd August 2025

To,
Department of Corporate Services
**BSE Limited,**
P J Towers, Dalal Street,
Mumbai - 400 001

To,
Listing Department
**National Stock Exchange of India Limited,**
Exchange Plaza, 5th Floor Plot No. C/1,
G. Block Bandra-Kurla Complex,
Bandra (E), Mumbai - 400 051

**Security Code: 544060**
**Security ID: RBZJEWEL**

**Symbol: RBZJEWEL**

**Dear Sir/Madam**

**Sub: Submission under Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulation")**

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith the copies of the newspaper advertisements published today i.e. on 23rd August 2025, in "Jai Hind" (Gujarati) & "Business Standard" (English) newspaper in relation to instructions provided to shareholders for updating their email addresses in the records of the Registrar and Transfer Agent or with the Depository to receive the notice of upcoming annual general meeting of the company.

The same is also made available on the website of the Company at www.rbzjewellers.com

Kindly take on record the same and oblige us.

Thanking you,

**For, RBZ Jewellers Limited**

HELI AKASH GARALA
Digitally signed by HELI AKASH GARALA
Date: 2025.08.23 13:12:25 +05'30'

RBZ JEWELLERS LIMITED AHMEDABAD 29705740

**Heli Garala**
**Company Secretary & Compliance Officer**
**Mem No. ACS 49256**

## સંસદ ભવનની સુરક્ષામાં મોટી ચૂક

# સંસદ ભવનની દીવાલ કૂદી ગરુડ દ્વાર સુધી પહોંચેલો યુવક પકડાયો

નવી દિલ્હી, તા.૨૨

ભારતના સંસદ ગૃહમાં સુરક્ષામાં મોટી ચૂક છે. એક અજાણ્યો શખસ દિવાલ કૂદી સંસદ ભવનમાં ઘુસી ગયો હતો. આટલું જ નહીં તે છેક ગરૂડ ભવન સુધી પહોંચી ગયો હતો. આ ઘટના આજે સવારે લગભગ સાડા છ વાગ્યે બની હતી. રેલભવન તરફથી વૃક્ષ પર ચડી તેણે સંસદ ભવનની દિવાલ કુદાવી હતી. સુરક્ષા કર્મીઓની નજર પડતાં જ તેને તુરંત જ ઝડપી લીધો હતો.

સુરક્ષા કર્મીઓએ ગરૂડ ભવન તરફ જતાં એક શખસને જોતાં તુરંત તેને અટકાવ્યો હતો. તેની અટકાયત કરી સંસદ ભવનમાં ઘૂસવા પાછળનું કારણ જાણવા પૂછપરછ હાથ ધરાઈ છે. આરોપીની ઓળખ હજુ સુધી થઈ નથી.

**સંસદ ભવનમાં ઘૂસવા પાછળનું કારણ જાણવા પૂછપરછ હાથ ધરાઈ છે : આરોપીની ઓળખ હજુ સુધી થઈ નથી**

૨૦૨૩માં પણ સંસદ ભવનની સુરક્ષામાં ચૂક થઈ હતી. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સંસદ ભવનમાં છ લોકો ઘૂસી ગયા હતા. જેમાં સાગર શર્મા અને મનોરંજન નામના યુવકે લોકસભાની મુલાકાતીઓની ગેલેરીમાં પહોંચી પોતાના જૂતામાં છુપાયેલા ડબ્બામાંથી પીળો ધુમાડો છોડ્યો હતો. અન્ય બે યુવક અમોલ શિંદે અને નીલમ આઝાદ સૂત્રોચ્ચાર કરતાં અને રંગીન ધુમાડો છોડતા સંસદમાંથી બહાર નીકળ્યા હતાં. આ લોકોને મૈસુરના ભાજપના સાંસદ પ્રતાપ સિંહાના નામે પાસ આપવામાં આવ્યા હતા. લલિત જહાં અને મહેશ કુમાવત આ ઘટનાના મુખ્ય સૂત્રધાર હતા.



આગામી ૯મી સપ્ટેમ્બરે યોજનારી ઉપરાષ્ટ્રપતિની યોજનારી ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રોની નવી દિલ્હી ખાતે રાજ્યસભાના જનરલ સેક્રેટરી અને રીટનિંગ ઓફિસર પ્રમોદચંદ્ર મોદી દ્વારા યોજાયેલી સ્ક્રુટિની દરમિયાન સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજ્જુ તેમજ અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત નજરે પડે છે.

# ટુ વ્હીલરથી નાની કારના ભાવ ઘટશે: SOV સેડાનના ચાહકોને પણ નીચા GSTનો લાભ

નવી દિલ્હીઃ

આગામી સમયમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ- જીએસટીમાં ચારને બદલે બે સ્લેબ આવી રહ્યા છે અને ખાસ કરીને ૨૮%નો સ્લેબ જે અત્યાર સુધી લકઝરી- સેમી લકઝરી ઉત્પાદનોને માટે હતો તે નાબુદ થઈ રહ્યો છે તેમાં ખાસ કરીને અત્યાર સુધી ૨૮%ના સ્લેબમાં રહેલી નાનીકાર તથા ટુવ્હીલર વાહનો ૨૮+ ટકાના જીએસટીમાંથી ૧૮%માં આવી જશે પણ સરકારની એક બીજી દરખાસ્ત રસપ્રદ છે. સરકાર ઈન્ટરનલ કોમ્બ્યુશન એન્જીન વ્હીકલ જે ઈંધણને શકિતમાં રૂપાંતર કરે છે તે પેટ્રોલ-ડિઝલ ઉપરાંત હાઈબ્રીડ વાહનો જે તથા હાલ ઈ વ્હીકલ વચ્ચેનો વેરા તફાવત જે છે તે ઘટાડશે. ઈ વ્હીકલ- ફકત ૫% જ જીએસટી હેઠળ આવે છે. આથી આ પ્રકારના વાહનો પણ સસ્તા થશે. ઉપરાંત મોટી એસયુવી સહિતના વાહનો જે હાલ સૌથી વધુ ૫૦% સુધીના વેરા હેઠળ છે.

તે હવે સીન ટેક્ષ એટલે કે સર્વોચ્ચ ૪૦%ના વેરામાં આવશે તો તેને સૌથી વધુ ફાયદો થશે. જો કે ગઈકાલની ગ્રુપ ઓફ મીનીસ્ટરની બેઠકમાં ૪૦% ઉપર ટોપ ઓફ ટેક્ષની માંગણી થઈ છે જે હાલ અસરકારક ટેક્ષ માળખુ છે તે જળવાઈ રહે તેવું ઈચ્છે છે તેથી આખરી નિર્ણય મહત્વનો બની જશે. જો કે સરકાર હવે ૪૦% જેવા ભારે કર બાદ કોઈ સેસ લગાવવાના વિરુદ્ધમાં છે. સરકાર હવે દરેક પ્રકારની સેસ હટાવવા માંગે છે.

કારણ કે સેસ મૂળભૂત રીતે જીએસટીથી રાજ્યોને જો કોઈ વેરા નુકશાન થાય તો તેની ભરપાઈ કરવા માટે હતો અને પાંચ વર્ષની મર્યાદા માટે હતો જે લાંબા સમયથી પુરી થઈ ગઈ છે અને કોવિડના કારણે તે ત્રણ વર્ષ લંબાવાયો છે.


### જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ તાલુકાના મોજે ગામ અસારવાની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૧૪૨ પૈકીની જમીન ઉપર આવેલ સોસાયટી જે ધી અભિષેક કો .ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ. થી રજીસ્ટ્રેશન થયેલ છે. જેનો રજી. નં. ઘ-૧૪૪૨ થી તા. ૨૫-૩-૧૯૬૫થી રજીસ્ટર્ડ થઇ ગયેલ છે. ધી અભિષેક કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ.ના નામથી ઓળખાય છે. જે મિલકત પૈકી ગ્રાઉન્ડ ફલોર તથા ફસ્ટ ફલોર ના બાંધકામ વાળો મકાન નં. ૪૩ વાળી મિલકત અમોના સસરા મંગળદાસ લલ્લુભાઇ ચૌહાણના નામે ચાલે છે જે અંગે સદરહું સોસાયટીએ તેઓને શેર સર્ટીફીકેટ નં. ૮૬થી શેર નં. ૪૨૬ થી ૪૩૦ ના કુલ પાંચ શેર રૂા. ૫૦/-નો એક એવા પાંચ શેર ઈસ્યુ કરેલ. જે શરતચુકથી અને ભુલચુકથી ક્યાંક ખોવાઇ ગયેલ છે. તેની ખુબ શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. જેઓ હાલ અવસાન પામેલ છે અને તેમના પુત્ર વધુ સુસીલબેન નીતીનભાઇ ચૌહાણની સુચના અને ફરમાઇશથી શેર સર્ટીફીકેટ ખોવાઇ જવાથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા માટેની માંગણી કરેલ છે.

આથી જાહેર જનતા અને લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, મુળ શેર સર્ટીફીકેટ મળી આવે તો અથવા કોઇની પાસે હોઇ તો દિન-૭માં નીચે મુજબના સરનામે જાણ કરવી, ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ધ્યાને લેવામાં આવશે નહી, અને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે તેની સર્વેએ નોંધ લેવી. અમારા અસીલ યાને કે સુસીલબેન નીતીનભાઇ ચૌહાણ ના નામે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા ધી અભિષેક કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ. ના ચેરમેનશ્રીને જાણ કરવામાં આવશે. અમદાવાદ તા. ૨૨-૮-૨૫

**મારી મારફતે : રાકેશ જી. દરજી (એડવોકેટ) ૨૩૪/૨૮૦૪,**
**સત્યમ એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ. મો.: 9375801542**


# આસામમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકોને નવા આધારકાર્ડ નહી મળે

નવી દિલ્હી,તા.૨૨

આસામ સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે કહ્યું કે હવે સરકાર રાજ્યમાં પુખ્તવયના લોકોને નવા આધાર કાર્ડ આપવાનું બંધ કરશે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ બપોરે કેબિનેટ બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરી હતી.ગેરકાયદેસર રીતે ઘૂસતા પ્રવાસીઓને રોકવા માટે આ સુરક્ષા ઉપાય કરવામાં આવ્યો છે.

**ઘુસણખોરી અટકાવવા રાજ્ય સરકારનો નિર્ણય**

સીએમે સ્પષ્ટ કર્યું કે, હવે પુખ્તવયના લોકોને નવા આધાર કાર્ડ આપવામાં આવશે નહીં. જો કે દુર્લભ કેસમાં જ ૧૮ વર્ષથી ઉપરના લોકોને આધાર કાર્ડ અપાશે. આ ખાલી જિલ્લા પોલીસ અને વિદેશી ન્યાયાધિકરણોના રિપોર્ટ મળ્યા બાદ જ મળશે. સીએમ હેમંત બિસ્વાએ કહ્યું કે, આવો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કેમ કે સરહદ પર દેશમાં પ્રવેશ કરતા બાંગ્લાદેશીઓ સતત પકડાઈ રહ્યા છે. કાલે પણ અમે ૭ને પાછા મોકલ્યા, પણ અમને વિશ્વાસ નથી કે અમે આ બધાને પકડી શકયા છીએ કે નહીં. એટલા માટે અમે એક સુરક્ષા વ્યવસ્થા બનાવવા માગતા હતા, જેથી કોઈ ગેરકાયદેસર રીતે આસામમાં પ્રવેશ કરી શકે નહીં. આધાર લઈને ભારતીય નાગરિક તરીકે રહી શકે. અમે આ દરવાજાને સંપૂર્ણપણે બંધ કરવા માગીએ છીએ. સીએમે કહ્યું કે, આ ૧ ઓક્ટોબરથી લાગુ થઈ જશે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ચાના બગીચામાં કામ કરતા લોકોને આધાર કાર્ડ માટે અરજી કરવા અને આધાર લેવા માટે ૧ વર્ષનો વધારાનો સમય મળશે.

## શેરબજારમાં છ દિવસની તેજી પર બ્રેક

# સપ્તાહના છેલ્લા સેશનમાં સેન્સેક્સ-નિફ્ટીમાં કડાકો

મુંબઈ, તા.૨૨

શેર બજારમાં ફરી તેજી પર બ્રેક વાગી ગઈ છે. શેર બજારમાં આજો ઘટાડો જોવા મળ્યો છે. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઇન્ટ ઘટાડા સાથે ૮૧,૩૦૬.૮૫ પર બંધ થયો. જ્યારે નિફ્ટી ૨૧૩.૬૫ પોઇન્ટ ઘટાડા સાથે ૨૪,૮૭૦.૧૦ પર બંધ થયો છે.

શેરબજારમાં ૬ દિવસની તેજી અટકી ગઈ છે. સેન્સેક્સ, નિફ્ટી લગભગ ૦.૯ ટકા ઘટીને બંધ થયો.

બેંકિંગ શેરોમાં દબાણ, ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઘટ્યો. મેટલ, એફએમસીજી, ઓઇલ-ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી.

**ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઇન્ટ ઘટાડા સાથે ૮૧,૩૦૬.૮૫ પર બંધ : નિફ્ટી ૨૪,૮૭૦.૧૦ પર બંધ**

મેટલ, ઓઇલ-ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી. આઇટી, રિયલ્ટી, એનર્જી શેરોમાં દબાણ રહ્યું જ્યારે ફાર્મા ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઈન્ટ ઘટીને ૮૧,૩૦૬.૮૫ પર બંધ થયો. નિફ્ટી ૨૧૩.૬૫ પોઈન્ટ ઘટીને ૨૪,૮૭૦.૧૦ પર બંધ થયો છે.

શુક્રવારના ટ્રેડમાં હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયાના શેર ૨.૦૨ ટકા ઘટીને રૂ. ૨,૩૯૯.૩૦ પર બંધ થયા. આ સ્ટોક નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સનો ભાગ છે. જૂન ૨૦૨૫ માં પૂરા થયેલા ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૧૬,૪૧૨.૮૮ કરોડ હતી.


### જાહેર ચેતવણી

આથી અમો ધ્વની રાજેશભાઇ ડાભી રહે. ૪, અભિલાષા સોસાયટી, મલાવ તળાવ, જીવરાજ પાર્ક, અમદાવાદ- ૩૮૦૦૫૧ ના નાનાભાઇ 'યમન રાજેશભાઇ ડાભી' દ્વારા અમારી કોઇપણ જાતની મંજુરી તથા અમારી જાણ વગર દસ્તાવેજનો દુરઉપયોગ કરી રાહી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઇવેટ કંપનીનું રજીસ્ટ્રેશન નંબર **U79110GJ2023PTC143392** થી રજીસ્ટ્રેશન કરાવી કંપની ના નામે પાન કાર્ડ નંબર **AAMCR8782P** અમોને ડિરેક્ટર તરીકે રજુ કરી અને અમારા નામે ૧૦ ટકા શેર ની ફાળવણી કરેલ છે. આ અંગે અમોને જાણ થતા અમોએ તારીખ ૩૦-૧૧-૨૦૨૩ ના રોજ રાજીનામું આપેલ છે. અને આવુ રાજીનામું રાહી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઇવેટ લીમીટેડ કંપની ના ડિરેક્ટર તરીકે યમન રાજેશભાઇ ડાભી દ્વારા તારીખ ૦૫-૧૨-૨૦૨૩ ના રોજ સ્વીકારી લીધેલ છે. અને તે અંગે તારીખ ૦૫-૧૨-૨૦૨૩ ના રોજ ઠરાવ કરેલ છે. તારીખ ૦૫-૧૨-૨૦૨૩ ના રોજ થી રાહી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઇવેટ લીમીટેડ કંપની ના ડિરેક્ટર માંથી અમોને રદ કરવામાં આવે છે. તેથી અમો એ તેમની સાથેના તમામ વ્યવહારો તથા સંબંધો કાપી નાખેલ છે. અને તેની અમોએ તેમની સાથેના તમામ સંબંધોનો અંત આણેલ છે. અને અમારે તેમની સાથે કોઇ સંબંધ નથી જેથી તેમણે તથા રાહી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઇવેટ લીમીટેડ કંપની વતી કરેલા તમામ કૃત્ય, વ્યવહારો તેમજ તેની કોઇપણ જવાબદારી ઓ માટે તે પોતે અંગત રીતે જવાબદાર છે. તે અંગે અમારી કોઇ જવાબદારી નથી. જેથી કોઇપણ વ્યક્તિએ તેના સાથે રાહી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઇવેટ લીમીટેડ કંપની અંગે કોઇપણ વ્યવહાર કરવા કે કરાવવા નહી અને તેમ છતાં તેવું કરશે તો તે અંગે અમારી કોઇ જવાબદારી રહેશે નહી જેની આથી જાહેર જનતાને ચેતવણી આપાવામાં આવે છે.

**મારફતે, આશિષ કે. બારૈયા(એડવોકેટ)**
**૪૦૮-૪૦૯, ચોથો માળ, શ્રી નરનાયણ પેલેસ, કોઠવાલા ફ્લેટ પાસે, પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭, મો. ૯૮૨૫૯૪૧૧૮૩**


## મોદીની સભામાં દેખાયા RJDના ધારાસભ્યો

# બિહારમાં ચૂંટણી પહેલા ભાજપનો મોટો ખેલ

પટણા, તા.૨૨

બિહારમાં વિપક્ષના અનેક ધારાસભ્યો પલડું બદલી શકે છે. જેનો સંકેત આજે શુક્રવારે ગયામાં પીએમ મોદીની રેલી દરમિયાન મળ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં મંચ પર આરજેડીના બે ધારાસભ્યો જોવા મળ્યા છે. નવાદામાંથી આરજેડીના ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલી ધારાસભ્ય પ્રકાશ વીર એનડીએના નેતાઓ સાથે મંચ શેર કરી રહ્યા હતાં.

જાણકારી અનુસાર, વડાપ્રધાન મોદી જ્યારે ગયાજી પહોંચ્યા હતાં, ત્યારે મંચ પર નવાદામાંથી આરજેડીના વર્તમાન ધારાસભ્ય વિભા દેવી અને રજૌલી ધારાસભ્ય પ્રકાશ વીરને મળ્યા હતાં. વિભા દેવી હાલમાં જ જેલમાંથી મુક્ત થયેલા બાહુબલી રાજ બલ્લભ યાદવની પત્ની છે. આરજેડીના બંને ધારાસભ્ય એનડીએના કોઈ પણ પક્ષમાં સામેલ થઈ શકે છે. બંને ધારાસભ્યોએ આરજેડીમાંથી હાલ અંતર જાળવ્યું છે.

**નવાદામાંથી આરજેડીના ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલી ધારાસભ્ય પ્રકાશ વીર એનડીએના નેતાઓ સાથે મંચ શેર કરી રહ્યા હતાં**

જણાવવામાં આવ્યું છે કે, એનડીએના મંચ પર આરજેડીના બે ધારાસભ્યોની ઉપસ્થિતિથી રાજકારણમાં હડકંપ મચ્યો છે. ગયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ધારાસભ્ય વિભા દેવી અને પ્રકાશ વીર મંચ પર બેઠા હતાં. તેમની ઉપસ્થિતિએ આરજેડી છોડવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે, વિભા દેવી આરજેડીના પૂર્વ ધારાસભ્ય રાજ બલ્લભ પ્રસાદ યાદવના પત્ની છે. હાલમાં જ પટના હાઈકોર્ટના દુષ્કર્મ મામલે રાજ બલ્લભને મુક્ત કર્યા હતાં. તે પહેલાં નવાદાની નીચલી કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા હતાં. રાજૌલી મત વિસ્તારમાંથી આરજેડી ધારાસભ્ય પ્રકાશ વીર રાજ બલ્લભ પ્રસાદના અંગત વ્યક્તિ છે. તેમને આગામી વિધાનસભા ચૂંટણી માટે પક્ષ તરફથી ટિકિટ મળવાની કોઈ સંભાવના જણાતી નથી. નવાદામાં મતદાર અધિકાર યાત્રા દરમિયાન આરજેડી નેતા તેજસ્વી પ્રસાદે ટિકિટ મુદ્દે સ્પષ્ટ સંકેત આપ્યા હતાં.


Ministry of Rural Development
Government of India

### ગ્રામીણ વિકાસ મંત્રાલય
### ગ્રામીણ વિકાસ વિભાગ
## પ્રસ્તાવ માટેની વિનંતી

ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર પ્રતિષ્ઠિત અને અનુભવી એજન્સીઓ પાસેથી રાષ્ટ્રીય સ્તર મોનિટર્સ (એનએલએમ્સ)ના અહેવાલો માટે રાષ્ટ્રીય સ્તરે મોનિટરિંગ સિસ્ટમ અને સંગ્રહ અને વિશ્લેષણ માટે સહાયક સેવાઓ પૂરી પાડવા સલાહકાર પેઢીને કામ આપવા માટે પ્રસ્તાવની અરજી મંગાવે છે. ટેન્ડર https://www.dord.gov.in/offerings/tenders અને https:/eprocure.gov.in/eprocure/app પરથી ડાઉનલોડ કરી શકાશે.
અરજીઓ માત્ર ઓનલાઇન પદ્ધતિથી સીપીપી પોર્ટલ પરથી જ સ્વીકારવામાં આવશે.
બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ તા. ૨૨.૦૯.૨૦૨૫ સાંજના ૦૫.૦૦ સુધી છે.

સહી /-
(સુમિતા બુધિરાજા)
ભારત સરકારના અંડર સેક્રેટરી

CBC-35101/11/0003/25-26


# આયાત જકાત હટાવાતા જ રૂના ભાવમાં બે દિવસમાં ૧૧૦૦નો કડાકો

નવી દિલ્હી તા.૨૨

કેન્દ્ર સરકારે કપાસ પરની ૧૧ ટકા આયાત ડ્યુટી નાબૂદ કર્યા પછી તરત જ ભાવમાં ઘટાડો શરૂ થયો છે. બે દિવસમાં કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ કપાસના ભાવમાં પ્રતિ કેન્ડી (૩૫૬ કિલો દીઠ) ૧,૧૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે .

નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા મુજબ ૧૯ ઓગસ્ટથી કપાસ પરની આયાત જકાત નાબૂદ કરવામાં આવી છે. તે જ દિવસે, CCI એ કપાસના ભાવમાં ૬૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો અને બીજા દિવસે તેમાં ૫૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. નવા ભાવો હેઠળ મહારાષ્ટ્ર માટે ૨૮ મીમી કપાસનો ભાવ રૂપિયા ૫૫,૪૦૦, ૨૯ મીમી કપાસનો ભાવ રૂપિયા ૫૫,૪૦૦ અને ૩૦ મીમી કપાસનો ભાવ રૂપિયા ૫૫,૭૦૦ પ્રતિ કેન્ડી નક્કી કરવામાં આવ્યો છે.ટ્રમ્પના ટેરિફનો ભોગ બની રહેલા ભારતના કાપડ ઉદ્યોગે કપાસ પરની આયાત ડ્યુટી દૂર કરવાની માંગ કરી હતી, કારણ કે અમેરિકાના ૫૦ ટકા ટેરિફથી આ ક્ષેત્રને નુકસાન થવાની શક્યતા છે. ભારત સરકારના આ પગલાને અમેરિકા સાથેના વેપાર તણાવ ઘટાડવાના પગલા તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે તેનાથી અમેરિકા સાથે વાતચીતના નવા રસ્તા ખુલી શકે છે.

બીજી બાજુ દેશમાં કપાસના વાવેતરનો વિસ્તાર અને ઉત્પાદન સતત ઘટી રહ્યું છે. ભારતમાં કપાસનું ઉત્પાદન તેના સર્વોચ્ચ સ્તર ૩૯૦ લાખ ગાંસડીથી લગભગ ૯૦ લાખ ગાંસડી ઘટીને ૩૦૦ લાખ ગાંસડી થયું છે અને એક મોટા નિકાસકાર તરીકે સ્થાપિત થયા પછી ભારત હવે કપાસનો મોટો આયાતકાર બની ગયો છે.


## ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ

BHAGWATI

(CIN: L27100GJ1981PLC004718)

**રજી. ઓફિસઃ સર્વે નંબર ૮૧૬, ગામઃ રજોડા, બાવળા નજીક, અમદાવાદ-૩૮૨૨૨૦, ગુજરાત, ભારત.**
**ફોનઃ +૯૧ ૨૭૧૪ ૨૩૨૨૮૩/૨૩૨૯૮૩/૨૩૨૦૬૬ E-mail: cs@bhagwati.com Website: www.bhagwati.com**

**વિડિઓ કોન્ફરસીંગ/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ દ્વારા યોજાનારી ૪૩મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ.**

**આથી નોટિસ આપવામાં આવે છે કેઃ**

૧. કંપની અધિનિયમ, ૨૦૧૩, સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) અને કોર્પોરેટ કાર્ય મંત્રાલયના તા. ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૮ ડિસેમ્બર, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, ૫ મે, ૨૦૨૨ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ અને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ જારી કરેલા પરિપત્રો (સામુહિક રીતે MCA પરિપત્રો) મુજબ, ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ (કંપની)ના સભ્યોની ૪૩મી વાર્ષિક સભા વિડિયો કોન્ફરન્સીંગ / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (VC/OAVM) દ્વારા રાખવામાં આવેલ છે.

૨. કંપનીની ૪૩મી વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે (VC/OAVM) દ્વારા યોજાશે. કંપનીના સભ્યો, એનએસડીએલની વેબસાઇટ www.evoting.nsdl.com પર લોગઈન કરીને, વહેલા તે પહેલા ના ધોરણે, કંપનીની ૪૩મી વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકશે. સભ્યોને ખાસ વિનંતી છે કે (VC/OAVM) દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લેવા તથા ઈલેક્ટ્રોનિક પધ્ધતિથી મતદાન કરવા માટેની સૂચનાઓ, જેનો સામાન્ય સભાની નોટિસમાં ઉલ્લેખ કરેલ છે, તે ધ્યાનથી વાંચવી.

૩. કંપની અધિનિયમ, ૨૦૧૩, લિસ્ટિંગ રેગ્યુલેશન્સ અને MCA પરિપત્રોની જોગવાઈઓનું પાલન કરીને, કંપનીનું નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫ નો વાર્ષિક અહેવાલ, કંપનીની ૪૩મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ સાથે, કંપનીના સભ્યો, કે જેમના ઈ-મેઈલ આઈડી કંપની/આર.ટી.એ./ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસ (ડીપી) પાસે નોંધાયેલા છે, તેમને મોકલવામાં આવી રહ્યા છે. કંપનીનો વાર્ષિક અહેવાલ, ૪૩મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ સાથે, કંપનીની વેબસાઈટ www.bhagwati.com અને બીએસઈ લિમિટેડની વેબસાઈટઃ www.bseindia.com અને એનએસડીએલની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

૪. જેમના શેર્સ ડિમેટ અથવા ફિઝિકલ મોડમાં હોય અથવા જેઓનું ઈ-મેઈલ એડ્રેસની નોંધણી ન કરાવેલ હોય તેમના માટે રિમોટ ઈ-વોટિંગ અને વાર્ષિક સામાન્ય સભા દરમ્યાન રિમોટ ઈ-વોટિંગની રીત નોટિસમાં આપવામાં આવેલ છે અને ૪૩મી વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેવાની રીત પણ નોટિસમાં આપેલ છે.

૫. (૧) ભવિષ્યમાં દસ્તાવેજો ઈ-મેઈલ દ્વારા મેળવવા ઈ-મેઈલ આઈડી નોંધવાવા અને (૨) ભવિષ્યમાં ડિવિડન્ડ સીધું બેંક ખાતામાં મેળવવા, બેંક ખાતાની માહિતી નોંધાવવાની પ્રક્રિયા નીચે મુજબ છે.
(અ) જે સભ્યો પોતાના શેર્સ ડિમેટ સ્વરૂપે ધરાવતા હોય તેમણે ઈ-મેઈલ આઈડી તથા બેંક ખાતાની વિગતો નોંધાવવા તેમના ડીપીનો સંપર્ક કરવો.
(બ) જે સભ્યો ફિઝિકલ સ્વરૂપે શેર્સ ધરાવતા અને કેવાયસી વિગતો અપડેટ ના કરેલ હોય તેઓએ સંબંધિત ફોર્મ જેમ કે ઈ-મેઈલ, બેંક એકાઉન્ટની વિગતો અને અન્ય કેવાયસીની વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ), એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ, ૧૦૧, પહેલા માળે, શતદલ કોમ્પલેક્ષ, બાટા શો-રૂમ સામે, આશ્રમરોડ, અમદાવાદ – ૩૮૦૦૦૯.ને મોકલી શકે છે.

૬. જે સભ્યોને વાર્ષિક સામાન્ય સભા પહેલા અથવા દરમ્યાન, વીસી/ઓએવીએમ દ્વારા સભામાં ભાગ લેવા અથવા ઈલેક્ટ્રોનિક મતદાન કરવા સહાયતાની જરૂર હોય તેઓ શ્રી અમિત વિશાલ અથવા કુમારી પલ્લવી મહાતરે, એનએસડીએલને ૦૨૨-૪૮૮૬૭૦૦૦ / ૦૨૨-૨૪૯૯૭૦૦૦ પર અથવા ઈ-મેઈલ evoting@nsdl.com પર સંપર્ક કરી શકે છે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.bhagwati.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર થી પણ મેળવી શકાશે.

ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ વતી,
સહી/-
ડૉ. પ્રવિણ એન. ભગવતી
ચેરમેન
DIN: ૦૦૦૯૬૭૯૯

તારીખઃ ૨૨.૦૮.૨૦૨૫
સ્થળઃ અમદાવાદ



## આર બી ઝેડ જ્વેલર્સ લિમિટેડ

RBZ JEWELLERS LTD

CIN: L36910GJ2008PLC053586

રજીસ્ટર કાર્યાલયઃ બ્લોક ડી, મોન્ડેલ રિટેલ પાર્ક, રાજપથ કલબ પાસે, એસ.જી. હાઈવે, ઈસ્કોન મોલની બાજુમાં, અમદાવાદ – ૩૮૦૦૫૪.
મેલઃ cs@ rbzjewellers.com, investors@rbzjewellers.com, વેબઃ https://rbzjewellers.com

**કંપનીના શેરધારકોના ધ્યાન માટે સૂચના**

કોર્પોરેટ બાબતોના મંત્રાલય, ભારત સરકાર ("MCA") એ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સામાન્ય પરિપત્ર નં. ૯/૨૦૨૪ બહાર પાડ્યો છે અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ તેના ૩ ઑક્ટોબર ૨૦૨૪ ના પરિપત્ર ("સેબી પરિપત્ર") SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 દ્વારા મંજૂરી આપી છે કે કંપનીઓ તેમની "વાર્ષિક સામાન્ય સભા" ("AGM") કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માટે વિડિયો કોન્ફરન્સિંગ/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("VC/OAVM") દ્વારા સામાન્ય સ્થળે સભ્યોની હાજરી વિના યોજી શકે છે.
કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ"), સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") અને MCA પરિપત્રોની જોગવાઈઓના પાલનમાં, કંપનીની આગામી "વાર્ષિક સામાન્ય સભા" VC /OAVM દ્વારા યોજવામાં આવશે. કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ મીટિંગનું સ્થળ માનવામાં આવશે.
પરિપત્રોએ કંપનીને વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલની નોટિસની ભૌતિક નકલો ન મોકલવાની મંજૂરી પણ આપી છે. તદનુસાર, તે માત્ર ઈલેક્ટ્રોનિક મોડમાં જ સભ્યોને મોકલવામાં આવે છે, જેમના ઈ-મેલ એડ્રેસ રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ અથવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોંધાયેલા છે. વાર્ષિક સામાન્ય સભા સૂચનામાં મીટિંગ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેની સૂચનાઓ પણ શામેલ છે. વાર્ષિક સામાન્ય સભાની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ https://rbzjewellers.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ એટલે કે (BSE) બોમ્બે સ્ટોક એક્સચેન્જ www.bseindia.com પર અને (NSE) નેશનલ સ્ટોક એક્સચેન્જ www.nseindia.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અને (N S D L ) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
**વધુમાં, કંપની/ડિપોઝીટરી શેરધારકો સાથે ઈમેલ એડ્રેસ અપડેટ/રજીસ્ટર કરવા માટે શેરધારકો એ નીચે દર્શાવેલ સૂચનાઓનું પાલન કરવું.**

| | |
|---|---|
| * ફિઝિકલ શેરધારકો (તેમના ઈ-મેલ એડ્રેસને કામચલાઉ અપડેટ કરવા માટે) | કૃપા કરીને ફોલિયો નંબર, શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), PAN (PAN કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), AADHAR (આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) cs@ rbzjewellers.com પર ઈમેઈલ દ્વારા પ્રદાન કરો. |
| ડીમેટ શેરધારકો | તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) નો સંપર્ક કરો અને તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) દ્વારા સંચારિત પ્રક્રિયા મુજબ તમારા ડીમેટ એકાઉન્ટમાં તમારું ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર/સુધારો કરો. |

*** કંપનીમાં ફિઝિકલ મોડમાં ધરાવતા કોઈ શેરધારકો નથી.**
**આ નોટિસ કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના લાગુ પરિપત્રોના પાલનમાં કંપનીના સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી છે.**

બોર્ડના આદેશ અનુસાર
આર બી ઝેડ જ્વેલર્સ લિમિટેડ
સહી/-
હેલી ગરાલા – કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નં. : A49256

સ્થળ : અમદાવાદ
તારીખઃ ઓગસ્ટ ૨૨, ૨૦૨૫



## આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૬૯.

**નરોડા શાખાઃ ત્રીજા માળે, સીટી સેન્ટર આર્કેડ એન્ડ હોમ, એસઆરપી કેમ્પ નજીક, ક્રિશ્ના નગર નરોડા રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૫ ગુજ**
**અમદાવાદ-મણિનગર શાખાઃ ઓફિસ નં. ૧૨, બીજા માળે, રાજરત્ન કોમ્પલેક્સ, રેલવે સ્ટેશન સામે, લાલા લજપતરાય માર્ગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮ ગુજ**
**મહેસાણા શાખાઃ ઓફિસ નં. ૩૦૫, ત્રીજા માળે, રાજકમલ સીટી મોલ, રાજકમલ પેટ્રોલ પંપ નજીક, સ્ટેટ હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨ (ગુજરાત)**

### એપેન્ડિક્સ-૪ કબજાનોટિસ (સ્થાવર સંપત્તિ માટે)

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.(એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે અને ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૧૨)ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ કંપનીના અધિકૃત અધિકારી તરીકે નીચે જણાવેલ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડિમાન્ડનોટિસ(સો) ઈસ્યૂ કરીને સંબંધિત ડિમાન્ડ નોટિસ(સો)માં ઉલ્લેખ થયેલ રકમો આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ. દેવાદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, અત્રે દેવાદાર(રો)/જામીનદાર(રો)ને તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો કબજો લીધો છે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)ની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે. દેવાદારને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ તેના વ્યાજસહિતની રકમ સાથે એએચએફએલના ચાર્જને અધીન રહેશે.

| નં. | દેવાદાર(રો)/સહ-દેવાદારોનું નામ(મો)/ (શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત)નું વર્ણન | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | (લોન કોડ નં. ૧૭૨૧૦૦૦૦૧૫૨/ નરોડા શાખા) અબ્દુલરજાક અબ્દુલકાદર શેખ (દેવાદાર) પ્રવિણાબાનુ અબ્દુલરજાક શેખ (સહ દેવાદાર) | તમામ આવાસીય સંપત્તિ રો હાઉસ નં. ૪૮૪, પૂર્વ સાઇડ ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર અને સેકન્ડ ફ્લોર રો હાઉસ નં. ૪૮૪ પૂર્વ સાઇડ છપડવંજ -સરકીવાડ શાહપુર, છપડવંજ, સરકીવાડ, શાહપુર જામ જામ ફ્લેટ નજીક, મ્યુનિસિપલ સેશન નં. ૪૮૪, પ્લોટ નં. ૪૮૪ પૈકી પૂર્વ સાઇડ અમદાવાદ મિલકત, ગુજરાત-૩૮૦૦૦૧. સીમાઓઃ પૂર્વેઃ સીટી સર્વે નં.૨૦૫૫ કોમન વોલ સાથે પશ્ચિમેઃ કોમન દિવાલ, ઉત્તરેઃ રોડ, દક્ષિણેઃ કોમન વોલ સાથે સીટી સર્વે નં. ૨૫૦૯. | 09-06-2025 & ₹ 7,59,373/- | 21-08-2025 |
| ૨ | (લોન કોડ નં. ૩૫૨૧૦૦૦૦૩૬૧/ અમદાવાદ મણિનગર શાખા) પવનકુમાર રાઠોડ (દેવાદાર) પુષ્પાબેન રાઠોડ (સહ દેવાદાર) | તમામ આવાસીય સંપત્તિ ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, મ્યુનિ. સેસ નં. ૧૪૧૮/૩, રૂમ નં.૭૪, મહેન્દ્રકુમારની ચાલી, મેમ્કો રોડ, નરોડા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૩૩૦. સીમાઓઃ પૂર્વેઃ ઈન્ટરનલ રોડ, પશ્ચિમેઃ ઈન્ટરનલ રોડ, ઉત્તરેઃ બીજુ મકાન, દક્ષિણેઃ મકાન નં. ૧૪૧૮/૨, (કનૈયાલાલ રામદેવનું મકાન) | 09-06-2025 & ₹ 9,68,778/- | 21-08-2025 |
| ૩ | (લોન કોડ નં. ૨૯૬૦૦૦૦૦૦૨૧/ મહેસાણા શાખા) જશવંતભાઈ રામાભાઈ દરજી (દેવાદાર) દરજી હેતલબેન કેશાભાઈ (સહ દેવાદાર) રાજેશકુમાર સોમભાઈ દરજી (જામીનદાર | તમામ આવાસીય સંપત્તિ મકાન નં. ૧/૬૨, દરજી વાસ, બસ સ્ટેન્ડ નજીક, ઉમરેચા સતલાસણા જીલ્લોઃ મહેસાણા, ગુજરાત-૩૮૪૩૩૦. સીમાઓઃ પૂર્વેઃ ખુલ્લો પ્લોટ/રોડ, પશ્ચિમેઃ ખુલ્લો પ્લોટ/રોડ, ઉત્તરેઃ પ્રજાપતિ/મુરાભાઈ કાલાભાઈ, દક્ષિણેઃ દરજી બાબાભાઈ મોહનભાઈ | 15-11-2021 & ₹ 5,83,435/- | 21-08-2025 |

સ્થળઃ ગુજરાત
તા. ૨૩-૦૮-૨૦૨૫

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.

